For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

યોગેશ કાકા 'શિવમય'

લોકલાડીલા નેતા યોગેશ પટેલ પંચમહાભૂતમાં વિલીન પક્ષ-વિપક્ષના ભેદ ભૂલાયા, જનમેદની હિબકે ચઢી

રાજકીય અને ઉદ્યોગ જગત શોકમગ્ન: ભાજપ-કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને ક્રેડાઈ-વીસીસીઆઈના અગ્રણીઓએ અશ્રુભીની આંખે આપી આખરી વિદાય

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરાના રાજકીય ક્ષેત્રના ભીષ્મ પિતામહ અને સંસ્કારી નગરીના લાડીલા ધારાસભ્ય યોગેશ પટેલ (બાપજી)ના નિધનથી સમગ્ર વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પ્રજાના પ્રશ્નોને પ્રાથમિકતા આપનાર અને સતત લોકોની વચ્ચે રહેતા બાપજીને આજે હજારો નાગરિકો, કાર્યકરો, રાજકીય આગેવાનો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની હાજરીમાં અંતિમ વિદાય આપવામાં આવી હતી.

અંતિમ સંસ્કાર દરમિયાન ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. પરંપરાગત રીતથી થોડું અલગ પરંતુ પરિવારના લાગણીસભર નિર્ણયરૂપે બાપજીના પુત્ર અને પુત્રીએ સંયુક્ત રીતે મુખાગ્નિ આપી પિતૃઋણ અદા કર્યું હતું. આ દ્રશ્ય જોઈ સ્મશાનગૃહ ખાતે ઉપસ્થિત અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. યોગેશ પટેલ માત્ર એક રાજકીય નેતા નહીં પરંતુ સર્વ સમાજના આગેવાન તરીકે ઓળખાતા હતા. તેમની અંતિમયાત્રા દરમિયાન હિન્દુ-મુસ્લિમ એકતા અને સામાજિક સૌહાર્દના સુંદર દ્રશ્યો જોવા મળ્યા હતા. મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને યુવાનો દ્વારા સ્મશાનગૃહ બહાર હજારો શોકાતુર લોકો માટે પીવાના પાણી અને અન્ય જરૂરી સેવાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમની આ સેવાભાવનાએ બાપજી પ્રત્યેના સર્વસમાજના પ્રેમને ઉજાગર કર્યો હતો. બાપજીના નિવાસસ્થાનેથી શરૂ થયેલી અંતિમયાત્રા જે માર્ગો પરથી પસાર થઈ હતી ત્યાં શ્રદ્ધાંજલિના વિશાળ બેનરો અને હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. શહેરના અનેક વિસ્તારોમાં લોકોએ માર્ગ પર ઊભા રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાજકીય મતભેદોને બાજુએ રાખી કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભીખાભાઈ રબારી અને કાઉન્સિલર ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુ) સહિત વિવિધ પક્ષોના આગેવાનો અંતિમયાત્રામાં જોડાયા હતા. આ ઉપરાંત ભાજપના નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યો, કાર્યકરો તેમજ ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ક્રેડાઈ ગ્રુપના પ્રમુખ મયંક પટેલ અને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (VCCI)ના અગ્રણી હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે બાપજીના અવસાનથી શહેરે વિકાસપ્રેમી, લોકહિતચિંતક અને ઉદ્યોગ જગતના મજબૂત અવાજને ગુમાવ્યો છે.

વડોદરાના લોકપ્રિય જનપ્રતિનિધિ અને વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલના અંતિમ સંસ્કાર દરમિયાન તેમના પુત્ર અને પુત્રીએ સંયુક્ત રીતે મુખાગ્નિ આપી પિતૃઋણ અદા કર્યું હતું. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો અને નાગરિકો જોડાયા હતા. . **(તસવીર : રણજીત સૂર્વે)**

તેમનું પ્રદાન અજોડ

યોગેશ પટેલના સ્મરણો અને તેમના કાર્યો આપણી વચ્ચે સદાય જીવંત રહેશે. ભાજપ સંગઠનને મજબૂત કરવામાં તેમનું પ્રદાન અજોડ રહ્યું છે. પક્ષ-વિપક્ષ અને સમાજના તમામ વર્ગોએ સાથે મળીને આજે જે રીતે તેમને અશ્રુભીની વિદાય આપી, તે જ તેમની જિંદગીની સાચી કમાણી છે. - **જગદીશ વિશ્વકર્મા** ભારતીય જનતા પાર્ટી, ગુજરાત રાજ્યના પ્રમુખ

તેઓ 'લોકનેતા'

આદરણીય બાપજીનું નિધન એ ગુજરાત ભાજપ સંગઠન અને સમગ્ર પ્રજા માટે એક ક્યારેય ન પુરાનારી ખોટ છે. આજે તેમની અંતિમયાત્રામાં ઉમટેલી જનમેદની અને સ્મશાન બહાર મુસ્લિમ સમાજ દ્વારા કરાયેલી પાણીની સેવા દર્શાવે છે કે તેઓ જ્ઞાતિ-જાતિના ભેદભાવથી ઉપર ઉઠીને સાચા અર્થમાં 'લોકનેતા' બન્યા હતા. - **હર્ષ સંઘવી** ગૃહ રાજ્ય મંત્રી / ડે. સીએમ

સાચા માર્ગદર્શક

વડોદરા ભાજપ પરિવારના વડીલ અને અમારા સાચા માર્ગદર્શક શ્રદ્ધેય બાપજીની વિદાયથી જાહેર જીવનમાં એક મોટું શૂન્યાવકાશ સર્જાયું છે. પુત્ર અને પુત્રીએ સંયુક્ત રીતે મુખાગ્નિ આપીને પિતૃઋણ અદા કર્યું છે. વડોદરા ભાજપ સંગઠન હંમેશાં તેમના બતાવેલા સેવા અને સમર્પણના માર્ગ પર ચાલવા માટે કટિબદ્ધ રહેશે. - **ડૉ. જયપ્રકાશ સોની** વડોદરા શહેર ભાજપ પ્રમુખ

પ્રજા માટે ચિંતિત

ધારાસભ્ય યોગેશ પટેલજી વડોદરાના વિકાસ અને પ્રજાના પ્રશ્નો માટે સદાય ચિંતિત રહેતા હતા. વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેસીને સામાન્યમાં સામાન્ય માણસનું કામ કઈ રીત કરાય અને થાય, તેવો તેમનો લોકાભિમુખ અભિગમ હતો. વડોદરાના વહીવટી તંત્ર વતી હું તેમને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. - **અરૂણ મહેશ બાબુ** મુ. કમિશનર

શિવનો જ અંશ

યોગેશ કાકા પોતે શિવનો જ એક અંશ હતા, તેથી તેમના વૈકુંઠગમનમાં શોક ન હોઈ શકે. તેમના અધૂરા રહેલા સંકલ્પો અને પ્રકલ્પોને સાકાર કરી, તેને પૂર્ણ કરવા એ જ આપણી તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ હશે. અમદાવાદી પોળથી બહુચરાજી સ્મશાન સુધી નીકળેલી તેમની આ આખરી યાત્રાને ક્રેડાઇ પરિવાર વતી શ્રદ્ધાંજલિ. - **મયંક પટેલ** પ્રમુખ, ક્રેડાઇ વડોદરા

આદરણીય યોગેશ કાકા (બાપજી) ની વિદાયથી વડોદરાના જાહેર જીવનને ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. વડોદરાના વિકાસ માટે તેમનું યોગદાન ક્યારેય ભૂલાય તેમ નથી. તેઓએ પોતાનું આખું જીવન એક સાચા 'સંત' જેવું ગાળ્યું છે, પરંતુ તેઓ હંમેશા લોકો માટે જ જીવ્યા છે. સાદગી સાથે રહેવું અને લોકોના કામોને વાચા આપવી તે તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા હતી. આવા જનસેવક અને લોકનેતા હજારોમાં એક જોવા મળે છે. વડોદરાના ઉદ્યોગ અને વેપાર જગત વતી હું આ મહાન આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. ઓમ શાંતિ. **- હિમાંશુ પટેલ,** ચેરમેન, VCCI

ડીન પર હુમલાના પ્રયાસ બાદ કોમર્સ ફેકલ્ટીમાં રોષ

મ.સ.યુનિવર્સિટી સ્ટાફે કાળા કપડાં અને પટ્ટી ધારણ કરી મૌન વિરોધ

શૈક્ષણિક સ્ટાફની સુરક્ષાનો મુદ્દો ગરમાયો, શિક્ષકોની ગરિમા સાથે બાંધછોડ નહીં કરવાની ચેતવણી

વિરોધ છતાં એડમિશન પ્રક્રિયા યથાવત, કેમ્પસમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રજ્ઞેશ શાહ સાથે થયેલી ઘર્ષણ અને હુમલાના પ્રયાસની ઘટનાના વિરોધમાં ગુરુવારે ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફે કાળા કપડાં તથા કાળી પટ્ટી ધારણ કરી મૌન વિરોધ નોંધાવ્યો હતો. સ્ટાફે શિક્ષકોની સુરક્ષા અને શૈક્ષણિક સંસ્થાઓની ગૌરવપૂર્ણ પરંપરા જાળવવા માટે કડક સંદેશ આપ્યો હતો.

માહિતી મુજબ, પ્રવેશ પ્રક્રિયામાં સર્જાયેલી ટેકનિકલ ખામીઓ મુદ્દે ABVPના કાર્યકરો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. દરમિયાન ડીન અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો તંગ બન્યો હતો. આ દરમિયાન ડીન પર હાથ ઉપાડવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપો બાદ સમગ્ર શૈક્ષણિક વર્તુળમાં રોષની લાગણી ફેલાઈ છે.

વિરોધ છતાં સ્ટાફે વિદ્યાર્થીઓના હિતને પ્રાથમિકતા આપી એડમિશન પ્રક્રિયા યથાવત રાખી હતી. પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તમામ કામગીરી નિયમિત રીતે ચાલુ રાખવામાં આવી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી યુનિવર્સિટી પ્રશાસને તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી છે. ગુરુવારથી કોમર્સ ફેકલ્ટી સહિત સમગ્ર કેમ્પસમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એસીઓજી ડી.જે. ચાવડા અને સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈએ સ્થળની મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

ડીન પ્રજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી એડમિશન પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે, પરંતુ શિક્ષકો પર હુમલાનો પ્રયાસ અક્ષમ્ય છે. યુનિવર્સિટી અને પોલીસે સુરક્ષાની ખાતરી આપી હોવાનું તેમણે જણાવ્યું હતું.

પાયાના કાર્યકરને ભાજપનું મોટું માન

છોટાઉદેપુરના મુકેશ રાઠવાની રાજ્યસભા ઉમેદવાર તરીકે પસંદગી

સંગઠન માટે વર્ષો સુધી કરેલી નિષ્ઠાવાન સેવાઓનું ફળ, આદિવાસી વિસ્તારને મળશે મજબૂત

(પ્રતિનિધિત્વ) વડોદરા તા.4

છોટાઉદેપુર જિલ્લાના ભાજપ મહામંત્રી અને આદિવાસી સમાજના અગ્રણી નેતા મુકેશભાઈ રાઠવાની ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યસભાના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવતા જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી-2026 માટે ગુજરાતમાંથી જાહેર કરેલા ઉમેદવારોમાં મુકેશભાઈ રાઠવાનું નામ સામેલ કર્યું છે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદી અનુસાર ગુજરાતમાંથી રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર મેઘજીભાઈ કંજારિયાને રાજ્યસભા માટે ઉમેદવાર તરીકે પસંદ કરાયા છે. તેમાં મુકેશભાઈ રાઠવા સંગઠનના પાયાના કાર્યકર તરીકે લાંબા સમયથી પક્ષ માટે કાર્યરત રહ્યા છે.

મુકેશભાઈ રાઠવાએ આદિવાસી વિસ્તાર અને ગ્રામ્ય સમાજ વચ્ચે ભાજપના સંગઠનને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ અનેક વર્ષોથી પક્ષના વિવિધ હોદ્દાઓ પર રહીને સંગઠનને સશક્ત બનાવવાના પ્રયાસોમાં સક્રિય રહ્યા છે. તેમની સાદગી, સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને કાર્યકરો સાથેના સતત સંપર્કને કારણે તેઓ જિલ્લાના કાર્યકરોમાં લોકપ્રિય નેતા તરીકે ઓળખાય છે.

તેમની રાજ્યસભા ઉમેદવાર તરીકેની પસંદગી બાદ છોટાઉદેપુર સહિત સમગ્ર આદિવાસી પટ્ટામાં ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકરોનું માનવું છે કે ભાજપે ફરી એકવાર પાયાના કાર્યકરની કદર કરી છે અને નિષ્ઠાપૂર્વક કામ કરનારા કાર્યકરોને યોગ્ય સ્થાન આપવાની પોતાની પરંપરા જાળવી રાખી છે. રાજ્યસભામાં મુકેશભાઈ રાઠવાની સંભવિત એન્ટ્રીથી આદિવાસી સમાજના પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓને રાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત અવાજ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ધો.૧૦-૧૨ અને ગુજકેટના ગુણ ચકાસણીનું પરિણામ જાહેર

સુધારેલી માર્કશીટ સીધી સ્કૂલે મોકલાશે, 13 જૂન સુધી રિપોર્ટ ડાઉનલોડ કરી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10, ધો.12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ ઉપરાંત ગુજકેટની પરીક્ષા બાદ ગુણ ચકાસણી, અવલોકન અને ઓએમઆર શ્રેણીની સુધારણા રિપોર્ટ વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો છે તેઓ આગામી 13મી જૂન સુધી પોતાનો આઈડી-પાસવર્ડથી રિપોર્ટ ડાઉનલોડ કરી શકશે.

વિદ્યાર્થીઓ સીટ નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડના આધારે ગુણચકાસણીનો અહેવાલ જોઈ શકશે. બોર્ડ દ્વારા સુધારેલું પરિણામ અને નવી માર્કશીટ સીધી સ્કૂલોને મોકલી આપવામાં આવશે. શાળાઓએ વિદ્યાર્થીઓના જૂના ગુણપત્રકો પરત લઈને નવા ગુણપત્રકો બોર્ડની સંબંધિત કચેરીએથી મેળવી લેવાની તાકીદ કરવામાં આવી છે. જૂના પરિણામ જમા કરાવી શાળાએ નવા પરિણામ મેળવવાના રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન લેવાયેલી ધો.10 અને 12ની બોર્ડની પરીક્ષા અને ગુજકેટમાં જાહેર કરાયેલા પરિણામથી સંતોષ ન હોય તેવા વિદ્યાર્થીઓને ગુણચકાસણી માટે અરજી કરવા સૂચના અપાઈ હતી. અરજીઓના આધારે બોર્ડે નવેસરથી ચકાસણી શરૂ કરી હતી. બાદ સુધારેલા પરિણામ વેબસાઈટ પર જાહેર કરાયા છે. કરકસરના પરિપત્રો વચ્ચે જૂનમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2026-27માં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સંયુક્ત પ્રવેશોત્સવ જૂન માસમાં યોજાશે. બાલવાટિકા, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ રેસિડેન્શિયલ સ્કૂલોમાં નવા પ્રવેશ અને ડ્રોપ આઉટ થયેલા અંદાજે 6,41,300 બાળકોના પુનઃપ્રવેશ માટે આયોજન કરાયું છે. દરેક અધિકારીને રોજની ત્રણ શાળાઓની મુલાકાત લેવા સૂચના અપાઈ છે.

વડોદરા ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટી મુદ્દે ૨૬૯ એકમોને નોટિસ

નિયમ નહીં માને તો વીજ કનેક્શન કપાશે અને હોટલ-રેસ્ટોરન્ટ થશે સીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન કરતા એકમો સામે ફાયર વિભાગે કડક વલણ અપનાવ્યું છે. વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા છેલ્લા પાંચ મહિનામાં ફાયર સેફ્ટી નિયમોના ઉલ્લંઘન બદલ 269 એકમોને નોટિસ આપવામાં આવી છે.

ફાયર અધિકારી અમિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ફાયર સેફ્ટી સર્ટિફિકેટ વગર કાર્યરત અથવા અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના નિયમોનું પાલન ન કરતા એકમોને ખામીઓ દૂર કરવા સૂચના અપાઈ છે. નોટિસ છતાં ઉલ્લંઘન ચાલુ રહેશે તો વીજ જોડાણ કાપવા સહિત હોટલ કે રેસ્ટોરન્ટ બંધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

હાલ વડોદરા શહેરમાં 41 હાઈરાઈઝ અને 69 લોરાઈઝ હોટલોને ફાયર સેફ્ટી સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. ફાયર વિભાગે હોટલ, હોસ્પિટલ, શાળા અને કોમર્શિયલ બિલ્ડિંગોમાં ઈમરજન્સી એક્ઝિટ-એન્ટ્રીના માર્ગો ખુલ્લા રાખવા તેમજ ફાયર સિસ્ટમ સતત કાર્યરત રાખવા સૂચના આપી છે.

જાન્યુઆરીથી મે દરમિયાન વિભાગે 678 સ્થળોએ તપાસ, તાલીમ અને મોકડ્રિલ યોજી હતી. તાજેતરમાં 68 સ્થળોએ ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં શાળા, કોલેજ, હોસ્પિટલ અને રહેણાંક ઈમારતોનો સમાવેશ થાય છે.

ફાયર અધિકારીએ જણાવ્યું કે, અનેક એકમોએ નોટિસ બાદ જરૂરી સુધારા કર્યા છે, પરંતુ નિયમોનું પાલન નહીં કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

એન્જિનિયરિંગ-ફાર્મસી કોલેજોમાં લેક્ચરના દર બમણાથી વધુ કર્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

રાજ્યની સરકારી એન્જિનિયરિંગ અને ફાર્મસી કોલેજોમાં વિઝિટિંગ ફેકલ્ટીની અછત દૂર કરવા શિક્ષણ વિભાગે મહેનતાણામાં નોંધપાત્ર વધારો કર્યો છે. અગાઉ લેક્ચરદીઠ રૂ.250થી 350 મળતા હોવાથી ફેકલ્ટી ભણાવવા આગળ આવતી ન હતી. હવે ડિગ્રી કોર્સ માટે લેક્ચરદીઠ રૂ.750 અને ડિપ્લોમા કોર્સ માટે રૂ.650 ચૂકવાશે.

કાયમી અધ્યાપકોની ખાલી જગ્યાઓને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અંતરિયાળ વિસ્તારોમાં સ્થાનિક પ્રોફેશનલ્સ અને નિષ્ણાતોને પણ વિઝિટિંગ ફેકલ્ટી તરીકે જોડવાની મંજૂરી આપવામાં આવશે. ઓછા મહેનતાણાને કારણે અગાઉ આવા નિષ્ણાતો ઉપલબ્ધ થતા ન હતા.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની જ નિમણૂક થશે.

ME-M.Tech પ્રવેશ નિયમમાં ફેરફાર

કુલ બેઠકના ૫૦% ખાલી હશે તો જ બીજો રાઉન્ડ યોજાશે,અગાઉ 30 બેઠકનો નિયમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ અંતર્ગત એન્જિનિયરિંગ-ફાર્મસી સહિતના કોર્સમાં વર્ષમાં બે વખત પ્રવેશ ફાળવવાની પ્રક્રિયાના નિયમોમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ જે તે બ્રાન્ચમાં 30 થી વધારે બેઠકો ખાલી હોય તો જ બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી હાથ ધરાતી હતી. પરંતુ PG કોર્સ એટલે કે ME-M.Techમાં કુલ બેઠકો જ 30 હોવાથી આ નિયમ વ્યવહારુ રહેતો ન હતો.

હવે નવા નિયમ પ્રમાણે 30 બેઠકો નહીં, પરંતુ કુલ બેઠકના 50 ટકા કે તેથી વધુ બેઠકો ખાલી હોય તો જ બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ટેકનિકલ શિક્ષણમાં વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની જોગવાઈ કરાઈ છે. તેના પગલે રાજ્યમાં પણ ડિગ્રી એન્જિનિયરિંગ સહિતના UG અને PG કોર્સમાં વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ છે. પોસ્ટ ગ્રેજ્યુએશનના ME, M.Pharm અને MED જેવા કોર્સમાં કુલ બેઠકો જ 30 હોય તેવી સ્થિતિમાં 30 બેઠકો ખાલી પડે તો જ બીજા વખત પ્રવેશ ફાળવવાનો નિયમ અર્થહીન બનતો હતો. જેના કારણે શિક્ષણ વિભાગ દ્વારા બીએન્યુઅલ એડમિશનમાં ખાલી બેઠકોની શરતમાં ફેરફાર કરાયો છે. ડિગ્રી એન્જિનિયરિંગ જે તે બ્રાન્ચમાં 30 બેઠકો ખાલી હોય તો બીજો રાઉન્ડ. કુલ બેઠકના 50% કે તેથી વધુ બેઠકો નોન-એલોટેડ હોય અને જાન્યુઆરી પ્રવેશ માટે મંજૂર કરાવેલી હોય તો જ બીજા વખત પ્રવેશ ફાળવાશે. સરકારી કોલેજો માટે પ્રવેશ સમિતિ દ્વારા બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.

અલાદપુરાના રાજેન્દ્રસિંહ ઠાકોરનો રહસ્યમય મૃતદેહ મળતા પંથકમાં અરેરાટી

ફાર્મ હાઉસમાંથી સ્થાનિક રહીશની લાશ મળી હત્યા કે આત્મહત્યા? સસ્પેન્સ!

ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટ્યા, પોલીસે FSLની મદદ લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.4

વડોદરા ગ્રામ્યના વરણામા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા અલાદપુરા ગામમાં આજે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગામના જ એક ફાર્મ હાઉસમાંથી સ્થાનિક રહીશનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર જાગી છે અને અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તરેહ-તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ મામલો ક્રૂર હત્યાનો છે કે પછી આત્મહત્યાનો, તે અંગે હાલ ભારે સસ્પેન્સ સર્જાયું છે.

અલાદપુરા ગામના મૂળ રહીશ રાજેન્દ્રસિંહ છત્રસિંહ ઠાકોરનો મૃતદેહ ગામ નજીક આવેલા એક ફાર્મ હાઉસમાંથી મળી આવ્યો હતો. રાજેન્દ્રસિંહનો નિશ્ચેત દેહ લોહીલુહાણ અથવા શંકાસ્પદ હાલતમાં જોતા જ ફાર્મ હાઉસના સ્ટાફ અને સ્થાનિકોના હોશ ઉડી ગયા હતા. આ ચોંકાવનારા સમાચાર વાયુવેગે સમગ્ર ગામમાં પ્રસરતાની સાથે જ મોટી સંખ્યામાં ગ્રામજનો અને સ્થાનીક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેને પગલે ફાર્મ હાઉસની બહાર લોકોના ટોળેટોળાં એકત્રિત થઈ ગયા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

બનાવની ગંભીરતાને જોતા સ્થાનિકો દ્વારા તાત્કાલિક વરણામા પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ વરણામા પોલીસ સ્ટેશનનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે તાકીદે કિલ્લાબંધી કરી દીધી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ મામલો શંકાસ્પદ જણાતા પોલીસે જીણવટભરી તપાસ શરૂ કરી છે. રાજેન્દ્રસિંહ ઠાકોરના ગળાના ભાગે કે શરીર પર કોઈ ઈજાના નિશાન છે કે કેમ, અથવા ઝેરી દવા પીવાથી મોત થયું છે કે કોઈએ ગળું ટૂંપીને હત્યા કરી છે ? આ તમામ સવાલો હાલ વહેતા થયા છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી, કાયદેસરની કાર્યવાહી કરી છે.